# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)




વર્ષ : ૧૩ અંક : ૪૩ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯

# જ્ઞાનગંગા
## ન્યૂઝ લેટર








# યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાય: પરમં તપ:
સ્વાધ્યાય: પરમં તપ:
સ્વાધ્યાય: પરમં તપ:

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

## કુલપતિશ્રીનો સંદેશ



કુલપતિશ્રી
પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી,

જ્યોતિર્મય પરિસર
સરખેજ-ગાંધીનગર હાઇવે,
છારોડી, અમદાવાદ- ૩૮૨૪૮૧.

'મારું માથું કેવળ બે જ જણને નમે, એક ખેડૂતને અને બીજું શિક્ષકને.' ટોમસ કાર્લાઈલનાં આ વિધાનમાં સાંસ્કૃતિક ધરોહર અને સમાજ જીવનના બે મજબૂત સ્તંભો:

'ખેડૂત' અને 'શિક્ષક'ની મહત્તા દર્શાવવામાં આવી છે. એક પેટ માટે અનાજનું સર્જન કરે અને બીજો થાળીમાં આવતા ભોજનનો હરેક કોળિયો મીઠો કેમ બનાવી શકાય એની સમજણ આપી, અજાણ્યા માટે પણ આપણી થાળીમાંથી ભોજનનો થોડોક ભાગ આપી શકાય એવા સંસ્કારી જીવનના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

ભારત ખેતીપ્રધાન દેશ હોવાથી કૃષકનું મહત્ત્વ આપણે સમજીએ છીએ. તેમજ આપણે ત્યાં નાલંદા અને તક્ષશીલા વિદ્યાવિહારો હતા તેથી શિક્ષણ પણ આપણી પાસે હતું. 'શિક્ષક' એટલે અખિલાઇની આરાધનાનો સાધક. 'શિક્ષણ' એટલે ભીતર છૂપાયેલા કૌશલ્યોને પ્રગટ કરવાની પદ્ધતિપૂર્વકની વ્યવસ્થા. શિક્ષક અને શિક્ષણ એક સિક્કાની બે બાજુઓ છે. ફૂલ અને સુવાસની જેમ એક રૂપ. શિક્ષકના વ્યકિતત્વમાંથી કેળવણીની સૌરભ ત્યારે જ પ્રસરે જ્યારે શિક્ષણ માત્ર 'સાધન' ના રહેતા 'સાધ્ય' બની જાય એટલે સમાજને, રાષ્ટ્રને ઉત્તમ પરિણામો પ્રાપ્ત થાય છે. રાષ્ટ્રનિર્માણના આ બે મજબૂત પરિમાણ આજકાલ પરિવર્તનશીલ દેખાય છે. પરંપરિત ખેતી વૈજ્ઞાનિક સંશોધનથી અદ્યતન બની રહી છે તેમ શિક્ષક અને શિક્ષણમાંયે નૂતન ટેક્નિકનો વિનિયોગ કરવામાં આવી રહ્યો છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી આગામી સમયને અનુરૂપ વ્યવસાયલક્ષી અને જીવનલક્ષી અભ્યાસક્રમોનું નિર્માણ કરવા માટે પ્રતિબદ્ધ હોવાથી આ વર્ષે અમારી યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યા અંદાજિત ગત દસ વર્ષ કરતા વધારે નોંધાયેલ છે, જે જણાવતા આનંદની લાગણી અનુભવું છું. યુનિવર્સિટીના તમામ અભ્યાસક્રમનું પરિણામ પરીક્ષા પૂર્ણ થયાના એક માસમાં જાહેર કરવામાં આવેલ છે. આગામી સમયમાં યુનિવર્સિટી આગવી મહેનતની આ પરંપરા જાળવવાનો પ્રામાણિક પ્રયાસ કરશે.

યુનિવર્સિટી દ્વારા Exam on Demand નો નિર્ણય કરવામાં આવેલ છે, જેથી કરી નાપાસ થનાર વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે છ માસ કે એક વર્ષ સુધી રાહ ન જોતા તુરંત એક માસમાં યુનિવર્સિટી દ્વારા પરીક્ષા આયોજન થયેથી પરીક્ષા આપી તેઓના સમયનો બચાવ કરી શકાશે. અત્રેની યુનિવર્સિટીના ઓર્ડિનન્સમાં રી-ચેકીંગની સુવિધા અંગેનો ઉલ્લેખ છે. જે અનુસાર વિદ્યાર્થીઓની અરજી અન્વયે માત્ર રી-ચેકીંગની પ્રક્રિયા જ હાથ ધરવામાં આવે છે. વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાનમાં રાખી રી-એસેસમેન્ટની સુવિધા ઉપલબ્ધ કરાવવા અને આ અંગેના નિયમો તૈયાર કરાવવા કમિટિનું ગઠન કરી આગળની કાર્યવાહી બાદ નિર્ણયને અમલીકરણમાં મૂકવાનો વિચાર કરવામાં આવ્યો છે.

અત્રેની યુનિવર્સિટીની બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં ભારતીય લશ્કરમાં શહીદ થયેલા વીર જવાનોના બાળકો અને તેની વિધવા પત્ની યુનિવર્સિટીમાં ચાલતા રેગ્યુલર તેમજ વોકેશનલ પ્રોફેશનલ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તો તેમને આગામી જાન્યુઆરી-૨૦૨૦ સત્રથી અભ્યાસક્રમની ફી માંથી મુકિત આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પોતાના પ્રાંગણમાં 'સ્પેશિયલ લર્નર સેન્ટર' તથા 'મોડેલ સ્ટડી સેન્ટર' શરૂ કરેલ છે. સ્પેશિયલ લર્નર સેન્ટર અંતર્ગત દિવ્યાંગજન, કિન્નરો, રૂપજીવિનીઓ, જેલના કેદીઓ માટે શિક્ષણની વિશેષ સુવિધા ઊભી કરવામાં આવેલ છે.

મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિને ધ્યાને લઇ યુનિવર્સિટી આગામી સત્રથી ગાંધી-જીવનદર્શનનો એક સર્ટિફિકેટ કોર્સ તથા Elective paper ની શરૂઆત કરવા જઇ રહી છે.

ભારતની ઓપન યુનિવર્સિટીઓમાં અલગ કેડી કંડારતી 'તેજ-તૃષા'- ઇવેન્ટનું આયોજન દૂરવર્તી છાત્રો માટે કરી BAOU એ નૂતન દ્રષ્ટિકોણ અમલમાં મૂકી આપેલ છે. આ મહોત્સવના ઉદ્‌ઘાટન સમારોહમાં પધારેલા ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ યુનિવર્સિટીના કાર્યક્રમો તેમજ 'તેજ-તૃષા'- ઇવેન્ટના આયોજન માટે અભિનંદન આપ્યા એ યુનિવર્સિટી માટે પ્રેરણાદાયી સંભારણું છે. આ સંવેદનશીલ સંભારણું અમારા માટે ભવિષ્યના શૈક્ષણિક કાર્યો અને સાંસ્કૃતિક મહોત્સવો માટે પ્રેરણાપ્રદ રહેશે.




ઉદ્દઘાટન સમારંભ


ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
ઉદ્દઘાટન સમારંભ


ઉદ્દઘાટન સમારંભ
















ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
ઉદ્ઘાટન સમારંભ



ઉદ્ઘાટન સમારંભ
'તેજ-તૃષા' પ્રતિભા શોધ ૨૦૧૯
'ગુરુકુલ'








'તેજ-તૃષા' પ્રતિભા શોધ ૨૦૧૯
'ગુરુકુલ'




પ્રતિભા શોધ

# રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની સાર્ધ શતાબ્દી મહોત્સવ નિમિત્તે ગાંધીસ્મૃતિ વ્યાખ્યાન

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી-અમદાવાદ દ્વારા તા. ૨-૧૦-૨૦૧૯ મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે યુનિવર્સિટીના ગૌતમ સભાગૃહ ખાતે ગાંધીસ્મૃતિ વ્યાખ્યાનનું આયોજન થયું હતું. માનનીય કુલપતિ ડૉ. અમીબહેન ઉપાધ્યાયની અધ્યક્ષતામાં જાણીતા કેળવણીકાર શ્રીમનસુખ સલ્લાએ 'આવતી કાલના ગાંધી' વિશે અને વરિષ્ઠ પત્રકારશ્રી રમેશ તન્નાએ 'ગાંધીજીનું પત્રકારત્વ' વિશે મનનીય અભ્યાસપૂર્ણ વકતવ્યો આપ્યા હતા. યુનિવર્સિટીના બોર્ડ મેમ્બરશ્રી કિશોર મકવાણાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ગાંધીજીના શાશ્વત મૂલ્યોની પ્રેરક વાતો કરી હતી.માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયએ પોતાના અધ્યક્ષીય વકતવ્યમાં સત્યનિષ્ઠ ગાંધીજીની પ્રસ્તુતતા વિશે પ્રેરક ઉદ્‌બોધન કરતાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે નજીકના ભવિષ્યમાં 'મહાત્મા ગાંધી જીવનકાર્ય દર્શન' પ્રમાણપત્ર અભ્યાસક્રમ શરૂ કરવાની જાહેરાત કરી જેને ઉપસ્થિત શ્રોતાઓ અને યુનિવર્સિટી પરિવારે આવકાર આપ્યો.









# રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની સાર્ધ શતાબ્દી અવસરે વાંચનયાત્રા

ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ગાંધીજીની સાથે વાચનયાત્રાનું આયોજન રાખવામાં આવ્યું હતું. તેમાં યુનિવર્સિટીના પદાધિકારીઓ, બોર્ડ મેમ્બર અને આમંત્રિત મહેમાનોએ ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો'નું વાંચન કર્યું. આજના સમયમાં ગાંધીજીના વિચારોની મહત્તાનો વિશ્વમાં સ્વીકાર થઇ રહ્યો છે. જગતની જે સમસ્યાઓ છે એનો ઉકેલ ગાંધીજી જે જીવન મારગ બતાવી ગયા એ રસ્તે માણસ ચાલશે તો જીવનમાં સુખ શાંતિની અનુભૂતિ થઇ શકે છે. સત્યના પ્રયોગોનું વાંચન રાષ્ટ્રપિતાનાં આવા ઉમદા વિચારને તેમના સત્ય, પ્રેમ, કરુણા અને અહિંસાને જીવનમાં આચરણ કરવાના સુભાશય સાથે આ વાંચનયાત્રા યોજવામાં આવેલ હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના અધ્યક્ષશ્રી પ્રો. ડૉ. યોગેન્દ્ર પારેખ સાહેબે કર્યું હતું.









# નવરાત્રિ ઉત્સવ- ૯-૧૦-૨૦૧૯

આપણી ભારતીય સંસ્કૃતિની ઓળખસમી નવલી નવરાત્રિના નોરતા એટલે મા આદ્યશક્તિનું પર્વ - સાધનાના દિવસો. આ અવસરની ઉજવણી માટે બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી-અમદાવાદના પ્રાગણમાં ટ્રેડીશનલ ડ્રેસીસ સાથે, મા અંબાજીના ગરબાની આરતી ઊતારી, કર્મચારી પરિવાર ગરબે ઘૂમેલ હતા. આ આનંદના અવસરે યુનિવર્સિટીના માનનીય કુલપતિ પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય તેમજ દરેક વિભાગના કર્મચારીઓએ સહર્ષ ભાગ લીધો હતો.









# ફેકલ્ટી ડેવલોપમેન્ટ પોગ્રામ

તા. ૧૭-૧૦-૨૦૧૯ ગુરુવારનાં રોજ BAOU માં કમ્પ્યૂટર ડિપાર્ટમેન્ટ દ્વારા ફેકલ્ટી ડેવલોપમેન્ટ પોગ્રામનું આયોજન થયું હતું. માનનીય કુલપતિ પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય અને BAOU ના બધીજ ફેકલ્ટીના પ્રોફેસરોએ ભાગ લીધો હતો. BAOUમાં કમ્પ્યૂટર ડિપાર્ટમેન્ટ હેડઃ ડૉ.નીલેશ મોદીએ કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. પ્રાસંગિક ઉદ્‌બોધન માનનીય કુલપતિ પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયએ કર્યું હતું. જેમાં CEMCAનાં પ્રોફેસર મધુબહેન પરહરે યુનિવર્સિટીનાં પ્રોફેસરોને અભ્યાસક્રમને તૈયાર કરવામાં મદદરૂપ સંદ્રર્ભ સામગ્રી કેવી રીતે મેળવવી, શિક્ષણમાં ટેકનાલોજીનો ઉપયોગ કરી, નૂતન પદ્ધતિઓ વિશે જાણકારી રાખવી ઇત્યાદિ બાબતો વિશે માર્ગદર્શન આપેલ હતું. નોકરી કરતા, ગામડામાં રહી ઘરેબેઠા અભ્યાસ કરતા ઓપન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સરળ શૈક્ષણિક સિલેબસ તૈયાર કરવા વિશે સવિગત માર્ગદર્શન આપ્યું હતું.










# ભારતીય સંવિધાન દિવસની ઉજવણી

૨૬ નવેમ્બરનો શુભ દિવસ એટલે આપણો ૭૦ મો સંવિદ્યાન દિવસ ૭૦માં ભારતીય સંવિધાન દિવસની ઉજવણીના ભાગરૂપે કેન્દ્રીયકક્ષ - સંસદ ભવનમાંથી સીધું જ પ્રસારણ જોવા માટેનું આયોજન કરવામાં આવેલ. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સમગ્ર કર્મચારીઓ તા. ૨૬-૧૧-૨૦૧૯ના રોજ ૧૧ના સમયે ગૌતમ હોલમાં ભેગા થયા અને આપણી અસ્મિતારૂપ ભારતીય સંવિધાનનું પૂજન કરવામાં આવેલ. કાર્યક્રમનો આરંભ મંગલમય દીપપ્રાગટ્યથી થયા પછી પ્રાર્થના અને યુનિવર્સિટીનું ગીતથી ઉત્સવસમા સમારોહનું સીધું જ પ્રસારણ જોવાનો અને આ પ્રસંગે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી, માનનીય રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિદ અને ઉપરાષ્ટ્રપતિ તેમજ સ્પીકરજીના સંવિદ્યાનના મહત્ત્વને ઉજાગર કરતા પ્રભાવી પ્રાસંગિક વકતવ્યોનું પાન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો ડૉ.અમીબહેન ઉપાધ્યાય અને કર્મચારીઓ એ કરેલ. ભારતના ચારેય માનનીય મહાનુભાવોના પ્રાસંગિક વકતવ્યોમાંથી સંવિદ્યાનના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકર તરફનો સ્નેહાદર પ્રગટ થતો હતો. સંવિદ્યાન એટલે આપણી ગરિમા, કતૃત્વ, જાગૃતિ. સંવિધાન આપણને રાષ્ટ્રપ્રેમ શીખવે છે, સંવિધાન આપણા અધિકારો અને કર્તવ્યપાલનની વાત કરે છે એવો સંદેશ મહાનુભાવો તરફથી સમગ્ર રાષ્ટ્રને સંવિધાન દિવસના ઉપક્રમે મળે એ આપણા દેશના નાગરિકો માટે પ્રેરણાપ્રદ છે. આ અવસરે માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ.અમીબહેન ઉપાધ્યાયએ પોતાના ટૂંકા અને માર્મિક વકતવ્યમાં કહેલું ‘ભારતીય સંવિધાનમાં લોકતંત્રનો પાયો અને ભારતની લોકશાહીનું ઉજજવળ ભવિષ્ય ધબકે છે. ભારતીય સંવિધાન એ આપણો રાષ્ટ્રગ્રંથ છે.’ આ પ્રેરક પ્રસંગે ડૉ. હિમાંશુભાઈ પટેલએ સંવિધાનના આમુખનું વાંચન કરેલું. ડૉ. બાબાસાહેબ આંબેડકરના નામથી જ કાર્યરત ગુજરાતની એકમાત્ર ઓપન યુનિવર્સિટીના ગૌતમ હોલમાં આ સમયે ભારતભૂમિ તરફના અસીમ પ્રેમની અનુભૂતિ થતી હતી. સમગ્ર સમારોહમાં ચૈતન્ય સ્ટુડીઓની ટીમનો સહયોગ મળેલ.







**ફિડબેક:**

લોકશાહી દેશમાં પ્રજાથી નાગરિક બનવાની દિશામાં શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા અગત્યની છે. લોકશાહીકરણની આ પ્રક્રિયામાં આજનો કાર્યક્રમ ખરા અર્થમાં દેશકાર્ય કરવાની દિશામાં અગત્યનું પગલું ગણાવી શકાય. (ડૉ. દીપ્તિબા ગોહેલ)



# લક્ષ્મીપૂજન

તા. ૨૫-૧૦-૨૦૧૯ શુક્રવાર-ધનતેરસ-દિવાળીના દિવસો એટલે ઉમંગ ઉલ્લાસનો સમય... યુનિવર્સિટીમાં પણ આ ચેતનવંતા પર્વના વધામણા માટે ધનતેરસના અવસરે લક્ષ્મીપૂજન કરવામાં આવ્યું હતું. તેમાં સહભાગી. માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ.અમીબહેન ઉપાધ્યાયએ યુનિવર્સિટીના બધા જ કર્મચારીઓ સાથે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે લક્ષ્મીપૂજન કર્યું હતું. આ સમયે યુનિવર્સિટીના બોર્ડ મેમ્બરશ્રી કિશોરભાઈ મકવાણા હાજર રહેલા.









# રાષ્ટ્રીય એકતા દિવસ

૩૧-૧૦-૨૦૧૯ રાષ્ટ્રીય એકતા દિવસના સપથ ગ્રહણ કર્યા. ગૌતમ હોલમાં સમગ્ર ડૉ. બાબાસાહેબ ઓપન યુનિવર્સિટીના કર્મચારી પરિવારને યુનિવર્સિટીના રજીસ્ટાર ડૉ. મહેશપ્રસાદ ત્રિવેદી સાહેબ દ્વારા રાષ્ટ્રીય એકતાના સપથ ગ્રહણ કરાવેલ. આ શુભ સમયે માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય અને યુનિવર્સિટીના બોર્ડ મેમ્બરશ્રી કિશોરભાઈ મકવાણા હાજર રહેલા.










# In Pursuit Excellence Lecture Series

તા.૧૮/૧૧/૨૦૧૯ સોમવારનાં રોજ માનનીય સુભાષભાઇ ભટ્ટનું વકતવ્ય: ‘સૂફી સાધનામાં જીવન કલરવ’નું આયોજન કર્યું.એ અવસરે ગુજરાતી વિભાગના આસિ.પ્રોફેસરડૉ. દિનુભાઇ ચુડાસમાએ સુભાષભાઈ ઉપર સંપાદિત કરેલ પુસ્તક: ‘ઇસ ઘટ અંતર અનહદ ગરજે’નું ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયના શુભહસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટીના બોર્ડ મેમ્મબર્સશ્રી મહેશભાઇ વ્યાસ હાજર રહ્યા હતા. કાર્યક્રમના આરંભમાં યુનિવર્સિટીની પરંપરા પ્રમાણે પ્રાર્થના અને યુનિવર્સિટી ગીતથી કાર્યક્રમ શરૂ થયો હતો. એ પછી માનવંતા મહેમાનશ્રીઓના હાથે દીપપ્રાગટ્યની મંગલવિધિ થઇ એ પછી શ્રી મહેશભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સમારોહની ભૂમિકા રચી આપી હતી. સાથે In Pursuit of Excellence Lecture Series ના વકતા શ્રી સુભાષભાઇ ભટ્ટનો પરિચય આપી સૂફી સાંજનો આરંભ કરાવ્યો હતો. વકતાશ્રી સુભાષભાઇ ભટ્ટએ સૂફીધારાથી ભીંજવી દીધાં તો સાથે In Pursuit of Excellence એટલે શું ? એ વિશે સવિશેષ સમજણ આપી સભાગૃહમાં બિરાજમાન શ્રોતાઓને તૃપ્ત કરી દીધા. એ પછી માનનીય કુલપતિશ્રીએ પોતાના વકતવ્યમાં આજના આ સમારોહ વિશે ખૂબ સંતોષ પ્રગટ કરી પોતાનો રાજીપો પ્રગટ કરેલ.

કાર્યક્રમનાં અંતમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષશ્રી પ્રો. ડૉ. યોગેન્દ્ર પારેખ સાહેબએ આભાર વિધિ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના પ્રો. ડૉ. હેતલબહેન ગાંધીએ કર્યું હતું.



# ધ્યાન-યોગ પ્રોગ્રામ

તા. ૨૦-૧૧-૨૦૧૯ ના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ હોલમાં ધ્યાન યોગા સેન્ટર દ્વારા ધ્યાન વિશે જાગૃતિ આવે એ વિશે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. વર્તમાનમાં તનાવ, હરિફાઈમાં માણસ કેવી રીતે માનસિક શાંતિ જાળવી શકે સાથે માણસ પોતાના શરીર વિશેની સંભાળ રાખવા સભાન બને સાથે ભીતરની ઊર્જા વધારવા, આધ્યાત્મિક જીવન કેમ જીવવું એ વિશે યોગા સેન્ટરના ડૉ. ખ્યાતિબહેને સુંદર માર્ગદર્શન આપેલ. યુનિવર્સિટીના કર્મચારીઓને ધ્યાન પણ કરાવેલ. આજના સમયમાં માણસને ખરેખર હતાશા અને નિરાશામાંથી બેઠા કરવાનું અને મનને આનંદિત રાખવાનો મારગ ચીંધતી આવી પ્રવૃત્તિઓ યુનિવર્સિટીમાં કરવામાં આવે તે ધ્યાનાર્હ છે.







# નવા પ્રકલ્પોનું લોકાર્પણ
# તેજ-તૃષા-સીઝન - ૨

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી-અમદાવાદમાં તા. ૧-૧૨-૨૦૧૯ ના રોજ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, માનનીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને ગુજરાતના શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રીમતી અંજુ શર્માજી યુનિવર્સિટીના આમંત્રણને માન આપી પધાર્યા હતાં. આ અવસરે બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી-અમદાવાદના આંગણે તેજ-તૃષા સીઝન- ૨ ના બે દિવસના ઉત્સવનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું સાથે યુનિવર્સિટીમાં 'ગુરુકુળ' મોડલ લર્નર સપોર્ટ સેન્ટર અને સ્પેશિયલ લર્નર સપોર્ટ સેન્ટર 'અત્રિ'નું લોકાર્પણ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના શુભહસ્તે થયું હતું. તેજ-તૃષા સીઝન-પ્રતિભા શોધમાં ૩૬ જેટલી સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. આ ઉત્સવમાં યુનિવર્સિટીના ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક, સાહિત્યિક, કળાત્મક સ્પર્ધાઓમાં સહર્ષ ભાગ લીધો હતો. તેજ-તૃષા એટલે પ્રતિભાઓની તલાશ કરતી સ્પર્ધાઓ.



ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં રહેલી પ્રતિભાઓને બહાર લાવવા અને ઉચિત દિશા આપવા માટે ઉદ્દેશસભર આયોજન કરવામાં કરવામાં આવે છે. આધુનિક અને સમગ્ર ગુજરાતમાં ઉદાહરણ બની શકે એવા મોડલ લર્નર સપોર્ટ સેન્ટર 'ગુરુકુળ' અને સ્પેશિયલ લર્નર સપોર્ટ સેન્ટર 'અત્રિ' જેવા અભ્યાસકેન્દ્રો ભવિષ્યમાં સમગ્ર ગુજરાતમાં શરૂ કરી શકાય. અહીં જેલમાં રહેલાં કેદીઓ, ટ્રાન્સજેન્ડર જનસમૂહ, એચ.આઇ.વી. પોઝિટીવ લોકોનો જમસમૂહ તેમજ ગુજરાતમાં રહેતાં દેશ માટે પ્રાણ આપનારા શહીદોની જીવનસાથી અને બાળકોને વિનામૂલ્યે શિક્ષણ માટેની સુવિદ્યા આપવાનો પ્રયાસ કરવામાં આવશે. આ પ્રસંગે આમંત્રિત મહેમાનશ્રીઓ, યુનિવર્સિટીના સત્તામંડળના સદ્સ્યશ્રીઓ તેજ તૃષા સીઝન-૨ના સહભાગી વિદ્યાર્થી ભાઇ-બહેનોથી કશ્યપ હોલ ભરાય જતા ગૌતમ હોલમાં બેઠકની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેજ-તૃષા કાર્યક્રમનો શુભારંભ દીપપ્રાગટ્યથી કરવામાં આવેલ એ પછી યુનિવર્સિટના ગીત અને શબ્દરૂપી કંકુ-ચોખાથી સ્વાગત તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણમંત્રીનું અને અગ્રસચિવ શ્રીમતી અંજુ શર્માજીનું યુનિવર્સિટીનો ખેસ અને સાલ ઓઢાડી આવકાર આપવામાં આવેલ.

આ સમયે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયે યુનિવર્સિટીના યજ્ઞકાર્યની રૂપરેખા પ્રગટ કરી આપી હતી. પોતાના ભાવપૂર્વકના વકતવ્યમાં કુલપતિશ્રીએ રમેશ પારેખની કવિતા મારા સપનામાં આવ્યાં હરિથી આરંભ કરી, હિન્દી કવિતા પડકારોને ઝીલતા, સૂરજના તેજને સેવતાં, અડગ રહી કાર્યરત રહેવા યુનિવર્સિટી તરફથી નિર્ધાર વ્યકત કર્યો હતો. કુલપતિશ્રીએ સરકાર તરફથી મળતાં સકારાત્મક હોંકારાથી આભારની લાગણી પ્રગટ કરી હતી. આ પ્રસંગે બોલતા માનનીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ યુનિવર્સિટીની ૨૫વર્ષની યાત્રાને વધાવી, વખાણી હતી. યુનિવર્સિટી દ્વારા સામાજિક સમરસતાનું કામ થઇ રહ્યું છે. સમાજની છેવાડાના વિસ્તારની મહિલાઓ અને વિકાસથી વંચિત બહેન દીકરીઓને રાજય સરકાર સ્વાવલંબ તરફ આગળ લાવવા પ્રયાસરત છે એ પ્રયાસોને આપણી યુનિવર્સિટી આગળ વધારવાનું કામ કરી રહી છે. યુનિવર્સિટી શિક્ષણ જગતમાં કોઇ પણ જાતના ભેદભાવ વગર શિક્ષણની જે સુવિદ્યા આપે છે તે સંતોષપ્રદ છે. તેમજ તેજ-તૃષા જેવી ઈવેન્ટનું આયોજન કરી ગુજરાતના તેજને ઉજાગર કરવાના કાર્યને અભિનંદન આપ્યા હતા. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના આ અવસરને શોભાયમાન કરતા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પોતાના ઉદ્‌બોધનમાં યુનિવર્સિટીના કામને બિરદાવતા કહ્યું કેઃ 'ગુજરાતના શિક્ષણમાં દૂરવર્તી શૈક્ષણિક માધ્યમ તરીકે આ યુનિવર્સિટી ગુજરાતના શિક્ષણને ઉત્તમ દિશા આપી શકે તેમ છે.'

મોડલ લર્નર સપોર્ટ સેન્ટર 'ગુરુકુળ' અને સ્પેશિયલ લર્નર સપોર્ટ સેન્ટર 'અત્રિ' જેવા પ્રકલ્પોથી માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ રાજીપો પ્રગટ કર્યો હતો. યુનિવર્સિટીના નવા પ્રકલ્પો, તેજ-તૃષા પ્રતિભા શોધનું આયોજન કરી દૂરવર્તી શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી પોતાના કેમ્પસમાં આમંત્રિત કરી રહી છે એ માટે માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયને અભિનંદન પાઠવ્યા હતા. અંતમાં, કોઇ પણ ઉત્તમ કામ કરતા છલાંગ મારવી રહી ભલે ડૂબી જવાય પણ અણથક પ્રયત્ન કર્યાનો આનંદ જ અનહદ હોય છે એમ કહી બધાને શુભાશિષ આપેલ. તેજ-તૃષા પ્રતિભા શોધનો પ્રસંગ અને મોડલ લર્નર સપોર્ટ સેન્ટર 'ગુરુકુળ', સ્પેશિયલ લર્નર સપોર્ટ સેન્ટર 'અત્રિ'નું લોકાર્પણ તેમજ નૂતન અભિગમો અપનાવી યુનિવર્સિટી કાર્યરત છે. સમગ્ર ગુજરાતમાંથી આવેલા વિદ્યાર્થીઓની વિવિધ સ્પર્ધાઓથી યુનિવર્સિટીના પરિસરમાં ઉત્સાહની સરિતા વહી રહી હતી. મહાનુભાવોએ સમગ્ર કાર્યક્રમની સરાહના કરી યુનિવર્સિટીના દરેક પ્રકલ્પો સફળ રહે એવી શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર સમારોહ યુનિવર્સિટીને ભવિષ્યના કાર્યો તરફનો ઉત્સાહ આપનારો રહેશે.

# તેજ-તૃષા પ્રતિભા પારિતોષિક વિતરણ સમારોહ








તા. ૦૧ અને ૨-૧૨-૨૦૧૯ બે દિવસો એટલે યુનિવર્સિટીના પરિસરમાં તેજ-તૃષા પ્રતિભા સ્પર્ધાનો જીવંત સમય આ બે દિવસમાં જે જે સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. તેમાં વિજેતા થયેલા સ્પર્ધકોને સાંજના પારિતોષિક વિતરણ કરીને અભિનંદન આપવાનો સમારોહ કશ્યપ હોલમાં યોજાયેલ. આ પ્રસંગે વિદ્યાર્થીઓના ઉત્સાહને વધારવા માટે યુનિવર્સિટી સત્તામંડળના સદ્સ્યશ્રી જગદીશભાઇ જોશી, શ્રી મુકેશભાઇ રાઠવા, શ્રી જયેશભાઇ વ્યાસ, માનનીય દિવ્યાબહેન આવ્યાં હતાં શ્રી દિવ્યાબહેન પોતાના પ્રાસંગિક વકતવ્યમાં કહ્યુ કે, યુનિવર્સિટીના આંગણે સમાજની વિધ વિધ પ્રતિભાઓને મંચ આપવાનું કામ થઇ રહ્યું છે તે સરાહનીય છે.,

ત્યારબાદ શ્રી મુકેશભાઇ રાઠવાજીએ પ્રાસંગિક વકતવ્યમાં યુનિવર્સિટીને આંગણે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રીમતી અંજુ શર્મા પધાર્યા તે આપણા બધા માટે આનંદની વાત છે. આ ઉત્સાહપર્વમાં શ્રી જગદીશભાઇ જોશીએ વિદ્યાર્થીઓને હ્રદયપૂર્વક આશીર્વાદ આપી જીવનના રસ્તે અડગ રહી પાછા ના હટતા પરિશ્રમ કરી મંઝિલ મેળવવાની વાત કહી હતી. શ્રી ભાવિકભાઇ બારોટે પોતાના વકતવ્યમાં કહ્યું કેઃ તેજ-તૃષા ઈવેન્ટના આયોજન દ્વારા આપણા વિદ્યાર્થીઓની શકિતને પારખવાની છે. સાથે દૂરવર્તી છાત્રોને દૂર નહી પણ યુનિવર્સિટીમાં લાવવા માટે આપણે બધાએ આવા સકારાત્મક અભિગમવાળા કાર્યક્રમો કરતા રહેવા પડશે. આ અવસરે શ્રી જયેશભાઇ વ્યાસએ પ્રસંગોચિત વાત કરતા કહ્યું કેઃ ગુજરાત સરકાર આ યુનિવર્સિટીને મહત્ત્વની માને છે. અહીં ૧૮થી ૭૫ વર્ષના વિદ્યાર્થીઓ તેજ-તૃષામાં સહભાગી થયા તે તમારા કાર્યને બતાવે છે. આપણે બધા કોઇ પણ જાતનાં પૂર્વગ્રહ ઓગાળીને ટીમવર્કથી કામ કરીએ છીએ એ આનંદની વાત છે. યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેને આ અવસરને દીપાવતા વિદ્યાર્થીઓને માટે



તાળીઓ પાડવાનું કહેતા કશ્યપ હોલ તાળીઓથી ગૂંજી ઊઠયો હતો. જીવનમાં કોઇ પણ ભોગે સહજતા છોડવી નહીં. આવતી કાલની ચિંતામાં આજને ગુમાવવાની નથી, ટીમવર્કથી કામ કરવાની આદત કેળવીએ એટલે આવા મોટા આયોજનો પણ સફળ થાય છે. કાર્યક્રમની સફળતા બદલ કુલપતિશ્રીએ સમગ્ર યુનિવર્સિટીના કર્મચારીઓને અભિનંદન પાઠવી રાજીપો પ્રગટ કર્યો અને વિદ્યાર્થીઓને હૃદયથી શુભેછા પાઠવી હતી. આ અવસરે યુનિવર્સિટીના ઇ.ચા. રજીસ્ટારશ્રી ભાવિનભાઇ ત્રિવેદી અને માનનીય આવાબહેન શુકલાની ઉપસ્થિતિ પણ રહી હતી. ઈનામ વિતરણ સમારોહમાં સમગ્ર કશ્યપ હોલમાં આનંદની લહેર જણાતી હતી. આ સમારોહની બોલતી તસ્વીરો પણ ખુશીને પ્રગટ કરે છે.



















# સર્વ શ્રેષ્ઠ સ્વયં નિયોજિત એવોર્ડ ભારત સરકાર

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં વિદ્યાર્થી મધાણી સોનલબેન ગીરધરભાઈને Sp.B.ed (પ્રથમ વર્ષ) જાન્યુઆરી- ૨૦૧૮-૧૯ને સર્વ શ્રેષ્ઠ સ્વયં નિયોજિત (SELF EMPLOYED) પ્રજ્ઞાચક્ષુ કર્મચારીના સ્ત્રી વિભાગમાં ૨૦૧૯ નો એવોર્ડ ભારત સરકાર તરફથી પ્રાપ્ત થયેલ છે. આ એવોર્ડ તેમને માનનીય ઉપરાષ્ટ્રપતિ શ્રી વૈંકેયા નાયડુજીના હસ્તે વિજ્ઞાન ભવન નવી દિલ્લી ખાતે ૩ ડિસેમ્બર ૨૦૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે.



મધાણી સોનલબેન ગીરધરભાઈ પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં સ્ત્રી શક્તિનું જીવંત ઉદાહરણ સમાજને પૂરું પાડે છે. એક દિવ્યાંગ દીકરી જ્યારે પોતાના આત્મવિશ્વાસથી શિક્ષણની પગદંડીએ પરિશ્રમ કરીને સફળતા મેળવે છે, એમાં સહભાગી થવાનું ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને નિમિત્ત બનવાનું સદ્‌ભાગ્ય સાંપડે છે. ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત આ મુક્ત વિશ્વ વિદ્યાલય સમાજનાં છેવાડાના દૂરગમ્ય વિસ્તારના વિદ્યાર્થી ભાઈ-બહેનોને કે જેઓનો વિદ્યાભ્યાસ સંજોગોવસાત છૂટી ગયો છે, તેમને સ્વાવલંબી બનવા માટેનું શિક્ષણ આપવા માટે પ્રતિબદ્ધ છે. મધાણી સોનલબેન એ સફળતા મેળવીને સબળ દીકરા-દીકરીઓને શૈક્ષણિક અભ્યાસ કરવા માટેની પ્રેરણા આપી છે.

# ડૉ.બાબાસાહેબ આંબેડકર નિર્વાણ દિવસ નિમિત્તે ફૂલહાર પૂજન

તા.૦૬-૧૨-૨૦૧૯ અને શુક્રવારના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકરજીના ૬૩માં નિર્વાણ દિવસ નિમિત્તે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી-અમદાવાદના પરિસરમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય અને કર્મચારી પરિવાર દ્વારા ફૂલહારવિધિનો ભાવમય કાર્યક્રમ રાખવામાં આવેલ. આ સમયે યુનિવર્સિટીના દરેક કર્મચારીએ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને હૃદયપૂર્વકની ભાવવંદના કરી હતી. એ પછી યુનિવર્સિટીના ગ્રંથાલયમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઉપર લખાયેલા પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવેલ તે પ્રદર્શન કુલપતિશ્રી સાથે સમગ્ર કર્મચારીગણે નિહાળ્યું હતું











# રાષ્ટ્રીય કોન્ફરન્સ
# "ભારતીય અર્થવ્યવસ્થામાં રહેલી તકો અને વૃદ્ધિની સંભાવનાઓ"

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં "ભારતીય અર્થવ્યવસ્થામાં રહેલી તકો અને વૃદ્ધિની સંભાવનાઓ" વિષય પર આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજાયો ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તા. ૭-૮ ડિસેમ્બર- ૨૦૧૯ ના રોજ યુનિવર્સિટી માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયના વડપણ હેઠળ 'ભારતીય અર્થવ્યવસ્થામાં રહેલી તકો અને વૃદ્ધિની સંભાવનાઓ' વિષય પર ઇન્ટરનેશનલ સેમિનાર યોજાયો હતો. યુનિવર્સિટીની સ્કૂલ ઑફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ દ્વારા આયોજિત આ સેમિનારમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયએ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે શિક્ષણ, અર્થતંત્ર, સાંસ્કૃતિક તથા સામાજિક ક્ષેત્રને સાંકળીને સમૂળગા વિકાસ પર પોતાના મંતવ્યો રજૂ કર્યા.








કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પધારેલ MHRDના ડિસ્ટન્સ એજ્યુકેશનના ડેપ્યુટી એડવાઇઝર ડૉ. બી. કે. બદ્રીએ શૈક્ષણિક વિકાસને ભારતીય અર્થતંત્ર સાથે જોડીને વિકાસનો સહસંબંધ વિશે વક્તવ્ય આપ્યું. આ કાર્યક્રમમાં પોતાનું બીજરૂપ વક્તવ્ય આપનાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદના સિનિયર એડવાઇઝર શ્રી સૌરભ સોપારકરએ ભારતીય અર્થતંત્રના મજબૂત પાયામાં રહેલી વિકાસની તકો વિશે વિસ્તૃત અભ્યાસ રજૂ કરી ભારતીય વસ્તીના વણવપરાયેલી શક્તિનો ઉપયોગ કરવા તથા ટૂરિઝમ સેન્ટરમાં રહેલી તકો વિશે માર્ગદર્શિત કર્યા.

બીજું બીજરૂપ વક્તવ્ય આપનાર IIM, અમદાવાદના પ્રો. સંકેત મહાપાત્રાએ ભારતીય અર્થતંત્ર આંતરરાષ્ટ્રીય કક્ષાએ મુશ્કેલીઓનો સામનો કરીને પણ આજે મજબૂતીથી ઊભું છે, તે જણાવ્યું સાથે બીજા નંબરનો ગ્રોથ ધરાવતો આપણો દેશ આજે પ્રગતિના પંથે છે, તે વિષે આશા જગાવતો અનુભવકીય અભ્યાસ રજૂ કર્યો. સેમિનારના સંયોજક પ્રો. ડૉ. મનોજ








શાહએ ભારતીય અર્થતંત્રના વિકાસમાં સસ્ટેનેબલ ગ્રોથ તથા વ્યક્તિના વિકાસને બદલે દરેક ભારતીય નાગરિક સાથેના રાષ્ટ્રીય વિકાસની સંભાવનાઓ વિષે રજૂઆત કરી. કહ્યું કે, 'ભારતીય અર્થતંત્રમાં રહેલી વિશાળ તકો શોધીને તેને વધારે સારી રીતે સફળ કરી તેના લાભો દેશના તમામ લોકો સુધી પહોંચે એવી દિશામાં કાર્યરત થવું પડશે. ભારતીય અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવા માટે કોઈ એક વ્યક્તિ કે કંપનીનો ફાળો લેવાને બદલે બધાં જ લોકો સહભાગી થાય એ ખૂબ અગત્યનું છે.'

આ સેમિનારમાં સમગ્ર દેશમાંથી વિષયના ૪૦૦ જેટલા તજજ્ઞો, અભ્યાસુએ, સંશોધકોએ ભાગ લીધો અને ૩૨૫ જેટલા સંશોધકીય અભ્યાસલેખોનું વાંચન થયું હતું. જેમાં ભારતીય અર્થવ્યવસ્થાને ગતિશિલ બનાવવા, તેમાં રહેલી વૃદ્ધિ-વિકાસની તકો શોધવાના તથા ભારતીય અર્થતંત્રને વિકસિત કરવાની દિશામાં અગ્રેસર કરવા વિષે વિચાર વિમર્શ કરવામાં આવેલ હતા. જ્યાં તજજ્ઞો દ્વારા અનુભવજન્ય અભ્યાસના તારણો મળ્યા તો નવી પેઢી દ્વારા નવા અભિગમોને રજૂ કરવામાં આવ્યા.

# Faculty Development Programme

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં તા. ૧૨/૧૩/ ડીસેમ્બર – ૨૦૧૯- બે દિવસના Faculty Development Programme નું આયોજન કરવામાં આવ્યું હતું. વિષય હતો: "Development Adoption and implementation of institutional Open Educational Resources (OER) Policy" Organized by: School of Computer Science. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં ગૌતમ હોલમાં બે દિવસ દરમ્યાન (OER) Policy ઉપર E-learning Specialist from Commonwealth of Learning Dr. Sanjaya Mishra એ યુનિવર્સિટીનાં પ્રોફેસરોને એક્ટિવિટી દ્વારા (OER) Policy ની સમજણ આપેલી હતી. આ સેમિનારને માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયે બિરદાવી હતી. સેમિનારની સંપૂર્ણ વ્યવસ્થામાં પ્રો. ડૉ. નીલેશ મોદી અને પ્રો.ડૉ. હિમાંશુ પટેલ સક્રિય રહ્યા હતા. ચૈતન્ય સ્ટુડિયોની ટીમે ફોટોગ્રાફી અને વિડીયો રેકૉર્ડિંગ કર્યું હતું. કેટલીક તસવીરો આ રહી.










# ગોધરા કેન્દ્ર દ્વારા રકતદાન કેમ્પનું આયોજન

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગોધરા(૧૬૦૧) કેન્દ્રના સંયુકત ઉપક્રમે રકતદાન કેમ્પનું આયોજન કરાયું હતું. આ સેવાકીય સ્વૈચ્છિક રકતદાનમાં ૧૯ યુનિટ રક્ત એકત્ર કરાયું હતું. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી કેન્દ્રના સંયોજક પ્રા.અરુણસિંહ સોલંકીની અધ્યક્ષતામાં યોજાયેલ આ કેમ્પમાં શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના રજીસ્ટાર ડૉ.અનિલ સોલંકી, રેડક્રોસ સોસાયટી ગોધરાના માનદ્ ઉપપ્રમુખ કિશોરીલાલ ભાયાણી, લાયન્સ કલબ ગોધરાના પ્રમુખ ઈન્દ્રવદનભાઈ પરમાર અને કેન્દ્રના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ધ્યાનાર્હ બાબત એ છે કે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગોધરા (૧૬૦૧)કેન્દ્રનો આ પાંચમો રકતદાન કેમ્પ હતો. ગત પાંચ વર્ષથી નિયમિત કેમ્પનું આયોજન કરવામાં આવે છે.



# પ્રાસંગિક છબિ


















# સ્વાધ્યાયઃ પરમં તપઃ




સંપાદક : ડૉ. દિનુભાઈ ચુડાસમા    ટાઈપીંગ : હેમંતભાઈ શાહ    ફોટોગ્રાફી : ચૈતન્ય સ્ટુડિયો ટીમ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય' પરિસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ, સરખેજ-ગાંધીનગર હાઈવે,
છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧. ઈ-મેઈલ : feedback@baou.edu.in | www.baou.edu.in